# પ્રાંતિજમાં ધોળા દહાડે વેપારીનું ધ્યાન દોરવી લુંટનો નિષ્ફળ પ્રયાસ

### વેપારીનો પુત્ર સમયસર આવી જતા બે ભાગી ગયાં તો એક પકડાઇ ગયો : લોકોએ મેથીપાક ચખાડી પોલીસને હવાલે કર્યો

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના એપ્રોચરોડ ઉપર બપોર ના સમયે સ્વીફ્ટ કાર લઈને આવેલ લુંટારૂઓ દ્વારા વેપારી નું ધ્યાન દોરવી ડ્રોઅરમાંથી પૈસાની લુંટ કરવા જતા વેપારીનો પુત્ર આવી જતાં લુંટારૂ ભાગ્ય હતાં તો એક લુંટારૂ પકડાઈ જતાં લોકોએ મેથીપાક આપી પોલીસને હવાલે કર્યો.



પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ નિર્માણ કોમ્પ્લેક્સ ખાતે ગત તા. ૨૬મીને શનિવારના રોજ ભરબપોરે બપોરના એક કલાકે નિમાર્ણ કોમ્પ્લેક્સ આવેલ નોબલ ટ્રેડર્સમાં સફેદ કલરની નંબર પ્લેટ વગરની સ્વીટ કાર લઈને ત્રણ લુંટારૂઓ દુકાનમાં લુંટ કરવાના ઈરાદે આવ્યા હતાં. જેમાં નોબલ ટ્રેડર્સના માલિકનું ધ્યાન દોરવી અલગ- અલગ ચીજ વસ્તુઓ માગી હતી તો તે સમયે તેમનો પુત્ર અને દુકાન ઉપર રાખેલ માણસ ઘરે જમવા ગયાં હતાં ત્યારે ડોલો માંગતા વેપારી ઉપરની દુકાનમાં ડોલો લેવા ગયો અને એક લુંટારૂ પણ તેમની જોડે ગયો હતો તો બીજો લુંટારૂ ગાડી ચાલું કરીને બેઠો હતો તો ત્રીજાએ વેપારીના ડ્રોઅરમા ડીસમીસ નાંખી તોડી અંદરથી પૈસા કાઢવા જતાં વેપારીનો પુત્ર ઘરેથી જમીને આવી જતાં દુકાનમાં રહેલ લુંટારૂ ભાંગ્યો હતો. તો પુત્ર તેને પકડવા પાછળ દોડયો તો લુંટારૂ દોડી ને સ્વીફ્ટ કારમાં ચડી ભાંગી ગયો હતો. વેપારીના પુત્રએ બુમાબુમ કરતાં નીચે દુકાન આગળ આજુબામાંથી બધાં ભેગાં થઈ ગયાં હતા. જયારે વેપારી જોડે ઉપર ગયેલ લુંટારૂને ખબર પડતાં તે પણ ભાગ્યો હતો પણ બધાંએ પીછો કરી નેશનલ હાઈવે આઠ ઉપર પકડી પાડી લોકોએ મેથીપાક ચખાડ્યો હતો અને પોલીસને જાણકરી પોલીસમાં સોંપ્યો હતો.

પોલીસે વેપારીની ફરીયાદના આધારે પકડાયેલા રીઝવાન મોહંમદભાઈ કોરેજા રહે. શેતા ડેલા પાસે, શેતાવાડ તા.જી જામનગર તથા ભાંગી ગયેલ બે લુંટારૂ જેમાં રીઝવાન અયુબભાઈ ડોયકી તથા ઈમરાન મજીદભાઈ મકરાણી (દરજાદા) બંન્ને રહે. ખોજા ગેટ ખોજા ચકલો તા.જી. જામનગર એમ ત્રણેય વિરૂધ્ધ ગુનોનોધી આગળ ની તપાસ હાથ ધરી છે.

# બેમિસાલ બનાસકાંઠાએ ૭૦માં પ્રજાસત્તાક પર્વના રાજ્યોત્સવની શાનદાર ઉજવણી કરી

### ૭૦માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી પ્રસંગે રાજયપાલ ઓ.પી. કોહલીએ રાષ્ટ્રગીતની ગૌરવશાળી ધૂન અને હેલિકોપ્ટરમાં પુષ્પવર્ષા વચ્ચે લહેરાયો રાષ્ટ્રધ્વજ : સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રજાસત્તાક દિવસે ગરવા ગુજરાતીઓનું કર્યુ અભિવાદન

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જીલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે રાજ્યપાલ ઓ.પી. કોહલીએ ૭૦માં પ્રજાસત્તાક પર્વના મંગળ પ્રભાતે પોલીસ બેન્ડવાદકો દ્વારા રાષ્ટ્રગીતની ગૌરવશાળી ધૂનની સુરાવલીઓ અને ભારતીય વાયુદળના હેલિકોપ્ટરમાંથી પુષ્પ પાંખડીઓની વર્ષા અને દેશભક્તિની લાગણીઓથી છલોછલ વાતાવરણમાં રાષ્ટ્રધ્વજ ત્રિરંગો લહેરાવ્યો હતો. પ્રજાસતાક દિવસના આ મુખ્ય સમારોહનો નજારો માણવા રાષ્ટ્રપ્રેમથી તરબતર હજારોની સંખ્યામાં જિલ્લાવાસીઓ, પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ઉમટી પડયાં હતા. રાજ્યપાલ ઓ.પી. કોહલીની સાથે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ઉન્નત ભારતના ગૌરવ સમાન રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. બનાસકાંઠાના આંગણે ગણતંત્ર પર્વની ઉજવણી નિહાળવાના લોકોત્સવની અસીમતાની પ્રતીતિ એ વાતથી થતી હતી કે સવારથી જ માનવમહેરામણ ઉમટી પડ્યું હતું. લોકોએ શરૂઆતથી અંત સુધી રસપૂર્વક સમગ્ર





કાર્યક્રમને માણ્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે રાજ્યના જિલ્લા મથકોએ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી કરીને પ્રજાશક્તિને સહભાગીદાર બનાવવાના તત્કાલિન મુખ્યમંત્રી અને અત્યારના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની આગવી અને ક્રાંતિકારી પહેલના પગલે ૭૦માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી પાલનપુરના આંગણે યોજાઈ હતી. ૨૮ પ્લાટુનમાં ૯૦૧ જેટલા જવાનોએ આઈ.પી.એસ અધિકારી અને પરેડ કમાન્ડન્ટ અમીત વસાવા અને સેકન્ડ પરેડ કમાન્ડન્ટ મિલાપ પટેલના નેતૃત્વમાં પરેડ યોજાઈ હતી. પોલીસ બેન્ડની સુમધુર સુરાવલીઓ સાથે તાલ મિલાવતી, પ્રભાવશાળી કૂચ કદમ (માર્ચપાસ્ટ) ગણવેશધારી ટૂકડીઓએ રજૂ કરી ત્યારે લોકોએ હર્ષનાદથી પોલીસ જવાનોની શિસ્તબધ્ધતાને વધાવી લીધી હતી. શ્વાનદળ, માઉન્ટેનદળ અને પોલીસના મહિલા અને પુરૂષ મોટર સાઈકલ સવારો દ્વારા હેરતઅંગેજ કરતબો નિહાળી લોકો મંત્રમુગ્ધ બન્યાં હતા. તેમજ પોલીસ વિભાગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, રાઈફલ ડ્રીલ, હેરતઅંગેજ મોટર સાઈકલ સ્ટંટ શો, જુડો, કરાટે જીમ્નાસ્ટીક, ડોગ શો, અશ્વ શો સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ખુલ્લી જીપમાં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય રાજયમંત્રી હરિભાઈ ચૌધરી, ધારાસભ્ય મહેશભાઈ પટેલ, શશીકાંતભાઈ પંડ્યા, કીર્તિસિંહ વાઘેલા, ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ નિગમના ચેરમેન મગનલાલ માળી, મુખ્યમંત્રીના ધર્મપત્ની અંજલીબહેન રૂપાણી, મુખ્ય સચિવ ડાૅ. જે. એન. સિંહ, પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝા, સામાન્ય વહીવટ વિભાગના અગ્રસચિવ સંગીતાસિંઘ, મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર, જિલ્લાના પ્રભારી સચિવ અરૂણકુમાર સોલંકી, કલેકટર સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી બી.એ. શાહ, પાલનપુર પાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોર સહિત ઉચ્ચ અધિકારીઓ, જિલ્લાના લબ્ધપ્રતિષ્ઠિત નાગરિકોએ ઉપસ્થિત રહી રાજયપાલ અને મુખ્યમંત્રી ને પ્રજાસત્તાક પર્વ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.





### અરવલ્લી જીલ્લો ઠંડોગાર : સિઝનનો સૌથી ઠંડો દિવસ ૮ ડિગ્રી પારો સરક્યો જનજીવન પ્રભાવિત

હિમાલયની તળેટીઓમાં સતત બરફવર્ષા અને રાજસ્થાનમાં થયેલ વરસાદના પગલે ઉત્તર દિશામાંથી ફૂંકાતા વાયરાના પગલે અરવલ્લી જીલ્લામાં ૫ કી.મી.થી વધુ ઝડપે ફૂંકાઈ રહેલા ઠંડા પવનોથી જીલ્લામાં તાપમાનનો પારો નીચે ગગડી ૮ ડિગ્રીએ અટકતા હાડ થીજાવતી ઠંડીથી જનજીવન પ્રભાવિત બન્યું હતું. રવિવારે લોકોએ ઘરની બહાર અગત્યના કામ સિવાય બહાર નીકળવાનું ટાળ્યું હતું. મોડાસા શહેરમાં ઝુપડપટ્ટી અને ફૂટપાથ પર જીવન ગુજરાત પરિવારોની હાલત દયનિય બનતા તાપણાનો સહારો લીધો હતો.

અરવલ્લી જીલ્લામાં તાપમાનનો પારો ૪ ડિગ્રી સરકી રવિવારે ૮ ડિગ્રીએ પહોંચતા વાતાવરણજ થીજી ગયું હોય તેવો અહેસાસ પ્રજાજનોએ અનુભવ્યો હતો. બે દિવસથી સતત વાદળછાયા વાતાવરણ અને શીત લહેરી પવનોથી કોલ્ડવેવની સ્થિતિનું નિર્માણ થતા કાતિલ ઠંડીથી પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા હતા. પશુ પંખીઓની હાલત પણ કફોડી બની હતી. ઠંડીના તીવ્ર પ્રહારોથી બચવા લોકો સતત ગરમ વસ્ત્રોમાં ઢંકાયેલા અને દિવસે પણ તાપણાનો સહારો લેતા ઠેર ઠેર નજરે પડ્યા હતા.

# પાલનપુર પરેડમાં સ્ટંટ દરમિયાન મહિલા પોલીસનું બાઈક સીધુ પ્રેક્ષક ગેલેરીમાં ગયું

### મહિલા પોલીસ કર્મી સહિત પાંચ બાળકોને ઇજા

પાલનપુર, તા. ૨૭

પ્રજાસત્તાક દિવસની રાજયસ્તરની ઉજવણી પાલનપુર ખાતે યોજાઈ હતી. ત્યારે આ પરેડમાં ગુજરાત પોલીસની ટીમ દ્વારા વિવિધ સ્ટંટ અને કરતબ બતાવવામાં આવ્યા હતા. જેમાં એક મહિલા પોલીસ કર્મચારી બાઈક સ્ટંટ દરમિયાન ઘાયલ થઈ હતી. મહિલા કર્મચારીનું બાઈક પ્રેક્ષક ગેલેરીમાં જતુ રહેતા ત્યાં ઉભા રહેલા ૫ બાળકો પણ ઘાયલ થયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાલનપુરના રામપુરા ગ્રાઉન્ડ ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં ગુજરાત પોલીસની ટીમ દ્વારા પહેલા બાઈક સ્ટંટ તથા ઘોડેસવારોની ટીમોએ વિવિધ કરતબ બતાવ્યા હતા. પ્રેક્ષકો પણ પોલીસ ટીમના બાઈક સ્ટંટ નિહાળીને અવાચક રહી ગયા હતા. ત્યાં બાઈકના વિવિધ સ્ટંટના નિર્દેશન દરમ્યાન એક મહિલા પોલીસ કર્મી બાઈક પરથી જમીન પર પટકાઈ હતી. આ મહિલા પોલીસ બાઈક પર તલવાર સાથે સ્ટંટ કરી રહી હતી. તો બીજી તરફ, મહિલાનો પગ સ્લીપ થઈ જતા બાઈક સીધું જ પ્રેક્ષક ગેલેરી સુધી ગયુ હતું, અને ત્યાં ઉભા રહેલા બાળકો સાથે અથડાયુ હતું. જેમાં ત્યાં ઉભેલા પાંચ બાળકો પણ ઘાયલ થયા હતા. મહિલા પોલીસ તથા બાળકોને તાત્કાલિક ધોરણે સારવાર અપાઈ હતી.

તો બીજી તરફ, પ્રજાસત્તાક દિનનો કાર્યક્રમ પૂરો થતા જ સીએમ વિજય રૂપાણીએ સિવિલ હોસ્પિટલમાં ઘાયલ પોલીસ કર્મચારી અને બાળકોની મુલાકાત લીધી હતી.



સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના પ્રથમ ડીજીટલ વિલેજ આકોદરા પાસે આવેલ પરફેક્ટ સ્કુલમાં ૭૦માં પ્રજાસત્તાક દિનની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. સ્કુલના મેદાનમાં ૭૫ ફૂટ લંબાઈ અને ૬૦ ફૂટ પહોળો ભારત દેશનો નકશો બનાવ્યો હતો, જેમાં સ્કુલના ૪૮૦થી વધુ વિદ્યાર્થીઓએ માનવસાકળ રચી ભારત દેશની પ્રતિકૃતિ બનાવી હતી તો સાથે બે સેટેલાઈટ લોન્ચર પણ બનાવ્યા. આ સ્કુલમાં હિંમતનગરના રહેવાસી અને પરફેક્ટ ગ્રુપના ભૂતપૂર્વ વિધાર્થી અને ભારત દેશના બાસ્કેટબોલ ટીમના પૂર્વ કેપ્ટન રીકીન પેથાણીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. બાદ વિદ્યાર્થીઓએ ત્રિરંગા કલરના ૭૦૦થી વધુ ફુગ્ગાઓ આકાશમાં ઉડાવ્યા હતા.

# મોડાસામાં પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ભવ્ય ઉજવણી

### મોડાસા શહેર દેશભક્તિના રંગે રંગાયું : જીલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની બાયડના વાંટડા ગામે ઉજવણી

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૨૬ જાન્યુઆરી ૭૦માં પ્રજાસત્તાક પર્વની આન, બાન, શાન સાથે રાષ્ટ્રધ્વજ ત્રિરંગા લહેરાવી સલામી આપી રંગારંગ દબદબાભેર ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા શહેર ૭૦ માં પ્રજાસત્તાક દિન નીમીત્તે શહેરની સરકારી કચેરીઓ સહીત શહેર પણ રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. શહેરના દરેક વિસ્તારમાં દેશભક્તિના ગીતો સતત દિવસભર ગુંજતા રહ્યા હતા. શહેરના નગરજનોમાં ૭૦માં પ્રજાસત્તાક પર્વનો અલભ્ય ઉત્સાહ વર્તાતો હતો. શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, મોડાસા નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, રાજકીય પક્ષોએ અને શહેરીજનોએ ૭૦માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી યાદગાર બનાવ્યો હતો. શહેરીજનો તેમના નજીકના વિસ્તારમાં થતા ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહી ત્રિરંગાને સલામી આપી હતી.

મોડાસા શહેરની લાયન્સ કલબ, મોડાસા નગરપાલિકા, શૈક્ષણિક સંસ્થાઓ જેવીકે મોડાસા કેળવણી મંડળ, ધી.મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મખદૂમ કેળવણી મંડળ, મદની હાઈસ્કૂલ, સરસ્વતી વિદ્યાલય, ઘી ઘાંચી હાઈસ્કૂલ, કરમિયા ગર્લ્સ હાઈસ્કૂલ, સરસ્વતી બાલ મંદિર





મંડળ, સહીત અર્ધ સરકારી કચેરીઓ દ્વારા ૭૦માં પ્રજાસત્તાક દિન નીમીત્તે ધ્વજવંદન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ ભાવના ઉજાગર કરતા નાટકો અને પ્રજાસત્તાક પર્વનું મહત્વ સમજાવતા પ્રવચનો અને વક્તૃત્વનું આયોજન કરવાની સાથે અભ્યાસમાં અને રમત-ગમત સહીત વિવિધ ક્ષેત્ર ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.



### પ્રાંતિજ સહિત તાલુકામાં ૭૦માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

પ્રાંતિજ સહિત તાલુકામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ વોર્ડ નં. ૨માં આવેલ શેઠ પી.એન્ડર આર હાઈસ્કૂલ ખાતે પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના કોર્પોરેટરો, નગરજનો, આગેવાનો, શાળાના આચાર્ય જગદીશભાઈ પંચાલ સહિત શાળા પરિવારના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્કંડેશ્વર મહાદાવે મંદિર પાસે આવેલ વૃદ્ધાશ્રમ ખાતે પણ વૃદ્ધાશ્રમના સંચાલક વિભાષભાઈ તથા પ્રાંતિજ સિનીયર સિટીઝન મંડળના વડીલો દ્વારા વૃદ્ધાશ્રમ ખાતે પણ જઈને ૭૦માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વૃદ્ધાશ્રમમાં રહેતા એક્સ આર્મી માવજીભાઈ ક્લાસવા દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વૃદ્ધો સહિત પ્રાંતિજ સિનીયર સિટીઝનના વડીલો દ્વારા તિરંગાને સલામી આપી પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

# ધનસુરાના શિકા આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર એવોર્ડથી સન્માનિત



ધનસુરા, તા. ૨૭

૭૦માં ગણતંત્ર દિવસની ઉજવણીમાં અરવલ્લી જીલ્લાના જીલ્લાકક્ષાની ઉજવણી બાયડ તાલુકાના વાંટડા ખાતે યોજાઈ હતી. જેમાં જીલ્લામાં વિશિષ્ઠ સેવા પ્રદાન કરનારને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ધનસુરા તાલુકાના શિકા આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા મેડિકલ ઓફિસર નાઝેમા ભૂરાવાલાને આરોગ્યલક્ષી સેવાઓમાં ઉત્કૃષ્ઠ કામગીરી માટે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન, જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવીની ઉપસ્થિતિમાં જીલ્લા પોલીસવડા મયુર પાટિલના હસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જીલ્લા આરોગ્ય અધિકારી અમરનાથ વર્મા, તાલુકા આરોગ્ય અધિકારી ગોસ્વામી સહીત આરોગ્ય કર્મચારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# કાંકરેજ તાલુકામાં પ્રજાસતાક દિનની ભવ્ય ઉજવણી કરાઈ





કાંકરેજ તાલુકામાં ૭૦માં પ્રજાસતાક દિનની ઉજવણી તાલુકાના અલગ અલગ વિસ્તારોમાં કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે વિવિધ વિસ્તારોમાં ધ્વજવંદન કરવામાં આવ્યા હતા જેમાં તાલુકા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ ચેખલા ગામે પ્રાથમિક શાળામાં કાંકરેજ તાલુકાના મામલતદાર સજ્જનસિંહ સોલંકીના વરદ હસ્તે ધ્વજવંદન ફરકાવી સલામી અપાઈ હતી. જેમાં બોહળી સંખ્યામાં ગ્રામજનો તેમજ તાલુકાના આગેવાનો અને અધિકારીઓ એ હાજરી આપી હતી જયારે પ્રાથમિક શાળાના બાળકો દ્વારા અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા આ ઉપરાંત શિહોરી મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, શિહોરી અને થરા પોલીસ સ્ટેશન, એમ.વી. વલાણી હાઈસ્કુલ શિહોરી, વિનય વિદ્યામંદિર થરા, નચિકેતા સંસ્કાર ધામ થરા, થરા અનુપન પ્રાથમિક, થરા ઠાકોર બોડિંગમાં કેળવણી મંડળના પ્રમુખ ભુપતજી મકવાણા દ્વારા ધ્વજવંદન કર્યું હતું. જયારે ખારીયા પ્રાથમિક શાળા ખાતે ધ્વજવંદન કરી દેશભક્તિ ના જય ઘોસ સાથે ધામધૂમ થી ઉજવણી કરાઈ હતી.